માર્ચ-૨૦૧૬, અંક નં. ૭

ઈ-ન્યુઝલેટર

# સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

## આ અંકની હાઈલાઈટ્સ

- 'રાજકોટ સ્માર્ટ કાર્ડ' લોન્ચ થશે
- ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બે ફ્લાઈ ઓવર બનશે
- ચિત્રનગરી પ્રોજેક્ટ : ૫૦૦૦ ચિત્રો પૂરા થવાભણી
- રાજકોટ સ્વચ્છ શહેર નં. ૧ બનાવવા એક્શન પ્લાન

## સ્વચ્છ રાજકોટ | કેન્દ્ર સરકારશ્રી દ્વારા સ્વચ્છતા અંગેના નેશનલ સિટી રેન્કિંગની જાહેરાત કરાઇ

કેન્દ્ર સરકારશ્રી દ્વારા સ્વચ્છ સ્વચ્છતાની બાબતે દેશના ૭૫ શહેરોને તા. ૧૫-૨-૨૦૧૬ આપવામાં આવેલ નેશનલ સિટી રેન્કિંગમાં રાજકોટ શહેરને ૭મો ક્રમ પ્રાપ્ત થયો છે. આજે દિલ્હી ખાતે સરકારશ્રી દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં માન. મેયરશ્રી જૈમનભાઇ ઉપાધ્યાય અને મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાને કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી માન. શ્રી વેન્કૈયા નાયડુના વરદ હસ્તે એવોર્ડ આપવામાં આવેલ હતો.

માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય અને મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ રાજકોટ શહેર દેશના ટોપ ટેન સ્વચ્છ શહેરોમાં સ્થાન પામતા રાજકોટના તમામ નાગરિકો અને રાજકોટ મહાનગરપાલિકાની ટીમની ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. તેઓએ એમ કહ્યું હતું કે, આ જ રીતે શહેરીજનોનો સહકાર પ્રાપ્ત થતો રહેશે તો રાજકો ખુબ જ ઝડપથી દેશનું સૌથી સ્વચ્છ શહેર બની જશે.

ગત જાન્યુઆરી - ૨૦૧૬માં રાજકોટ શહેરની સ્વચ્છતા અંગેનો અભ્યાસ કરવા કેન્દ્ર સરકારશ્રીની ત્રણ સભ્યોની બનેલી એક ટીમ રાજકોટ આવી હતી. કેન્દ્રના ચીફ સર્વેયર શ્રી લવ કુમાર અને તેમના બે સહાયકોની બનેલી આ ટીમ આજથી ત્રણ દિવસ સુધી રાજકોટમાં વિવિધ બાબતોનો અભ્યાસ કર્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સફાઇ કામદારો સહિતના સ્ટાફની હાજરી માટે પ્રસ્થાપિત કરવામાં આવલી ફેઈસ ડિટેક્ટર પ્રણાલી અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે જી.પી.એસ. આધારિત વાહન સિસ્ટમથી આ કેન્દ્રીય ટીમ ખુબ જ પ્રભાવિત થઇ હતી. તેઓએ એ સમયે જ એવો પ્રત્યાઘાત આપ્યો હતોફ કે, પ્રથમ દ્રષ્ટિએ એવું જણાય છે કે અન્ય શહેરોની સરખામણી એ રાજકોટ શહેર નેશનલ સિટી રેન્કિંગ માટે વધુ સુસજજ દેખાય છે. માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય અને મ્યુનિસિપલ કમિશનર શ્રી વિજય નેહરાએ એમ કહ્યું હતું કે, રાજકોટ શહેરને નેશનલ રેન્કિંગમાં ૭મો ક્રમ અપાવવામાં મહાનગરપાલિકાના જે પગલાં નિર્ણાક સાબિત થયા છે તેની ઉપર એક નજર ફેરવીયે તો...




નવી દિલ્હી ખાતે તા. ૧૫-૨-૨૦૧૬ના રોજ માન. મેયરશ્રી જૈમનભાઇ ઉપાધ્યાય અને મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાને કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી માન. શ્રી વેન્કૈયા નાયડુના વરદ હસ્તે એવોર્ડ આપવામાં આવેલ હતો.

# ભારતના સ્વચ્છ શહેરોમાં રાજકોટ ૭માં ક્રમે



**શહેરીજનોને અભિનંદન પાઠવતા માન. મેયરશ્રી ડો. જૈમનભાઈ ઉપાધ્યાય અને કમિશનરશ્રી વિજય નેહરા**



**૧) જાહેર શૌચક્રિયાથી મુકત રાજકોટ :-**

⇨ **વ્યકિતગત શૌચાલયઃ-** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કુલ-૧૧૭૧૬ વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવેલ છે. આગામી વર્ષમાં કુલ-૩૫૦૦ જેટલા વ્યકિતગત શૌચાલય જરૂરીયાત મુજબ બનાવવામાં આવનાર છે. વધુમાં વધુ વ્યકિતગત શૌચાલય બને તેવો મહાનગર- -પાલિકાનો અભિગમ છે, અત્યારે મોટા પ્રમાણમાં લોકજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહયા છે.

⇨ **પે એન્ડ યુઝ ટોયલેટ :-** હાલ રાજકોટ શહેરમાં કુલ-૧૦૫ પે એન્ડ યુઝ ટોયલેટ કાર્યરત છે. આગામી વર્ષમાં હજુ કુલ અંદાજે ૧૫ અદ્યતન પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવામાં આવનાર છે.

⇨ **કોમ્યુનિટી ટોયલેટ :-** હાલ રાજકોટ શહેરમાં કુલ-૪૬ કોમ્યુનિટી ટોયલેટ કાર્યરત છે. જેમાં લોકો કોઇપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી. તાજેતરમાં કુલ-૪૬ પૈકી ૧૪ જેટલા નવા કોમ્યુનિટી ટોયલેટ જાહેરમાં શૌચક્રિયા કરતા સ્થળોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે.

⇨ **મોબાઇલ ટોયલેટ :-** હાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ-૨૦ જેટલા મોબાઇલ ટોયલેટ ખરીદ કરવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં જયાં પણ લોકો પ્રસંગોપાત મોટા પ્રમાણમાં એકઠા થાય ત્યારે સ્વચ્છતા જળવાય તે માટે મોબાઇલ ટોયલેટ ફરજીયાત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

⇨ **પ્રિફેબ્રીકેશન ટોયલેટ :-** હાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ-૧૦૦ જેટલા પ્રિફેબ્રીકેશન ટોયલેટ ખરીદ કરવામાં આવેલ છે. આ પ્રિફેબ્રીકેશન ટોયલેટ ઝુપડપટ્ટી વિસ્તારમાં તથા જયાં મહાનગરપાલિકાની જમીન ન હોય તેવા વિસ્તારમાં રાખવામાં આવશે જેથી સ્વચ્છતા જળવાઇ રહે.

⇨ રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા જાહેરમાં શૌચક્રિયા કરતા સ્થળોની યાદી બનાવવામાં આવેલ છે. હાલમાં અભ્યાસ કરતા અથવા અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા એસ.આઇ. ડીપ્લોમાં ધારક ઉમેદવારો ‘ઇન્ટર્ન’ તરીકે નિમણુંક આપવામાં આવે છે, તેઓ દ્વારા જાહેરમાં શૌચક્રિયા કરતા સ્થળો પર જઇને લોકોને સમજાવવાનું તેમજ તેઓની મુશ્કેલીઓ દુર કરવાનું કામ કરવામાં આવે છે. હાલમાં શહેરના વોર્ડ નં. ૦૨, ૧૦, ૧૧ તથા ૨૧ જાહેર શૌચક્રિયાથી મુકત જાહેર કરવામાં આવેલ છે. આગામી વર્ષમાં રાજકોટના તમામ વોર્ડને શૌચક્રિયા બનાવવા માટે ૨૪૦ લાખ તથા બજેટ હેડ નિર્મળ ગુજરાત અંતર્ગત ૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મીશન માટે MGSM Implement Unit બજેટ હેડ અંતર્ગત લોકોમાં જાગૃતિ કેળવવા માટે IEC Activities માટે ૧૦૦ લાખની જોગવાઇ કરાવમાં આવેલ છે.

**૨) ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનઃ-**

⇨ રાજકોટ શહેરના તમામ ૧૮ વોર્ડમાં ૧૦૦ ટકા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

⇨ હાલમાં કુલ-૨૮૪ મીનીટીપર વાહન દ્વારા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી કરવામાં આવે છે.

⇨ તમામ મીની ટીપર વાહનમાં જી.પી.એસ. સીસ્ટમ ફીટ કરવામાં આવેલ છે. જેથી દરેક મીની ટીપરનું લોકેશન જાણી શકાય છે.

⇨ આગામી વર્ષમાં લોકો દ્વારા પોતાના ઘરમાં સેગ્રીગેટેડ વેસ્ટ જેવો કે, ભીનો કચરો તથા સુકો કચરો અલગ પાડી ડોર ટુ ડોરની કામગીરી કરતા મીની ટીપર વાહનને આપવામાં આવે તે માટેના ઘરે ઘરે જઇને સમજાવવાના પ્રયત્નો મોટા પ્રમાણમાં થશે.

**૩) બિનલેસ રાજકોટ (બંધ કચરાપેટીની સંખ્યામાં ઘટાડો) :-**

⇨ રાજકોટ શહેરમાં બે વર્ષ પહેલા કુલ બંધ કચરાપેટી ૧૩૪૦ હતી.

⇨ હાલમાં રાજકોટ શહેરમાં કુલ-૩૦૨ જેટલી બંધ કચરાપેટી છે. જે આગામી વર્ષમાં ઘટાડીને તેની સંખ્યા ૧૮૦ જેટલી કરવામાં આવનાર છે.

⇨ હાલમાં તમામ બંધ કચરાપેટી કાઉ પ્રુફ બનાવવામાં આવેલ છે.

**૪) ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન :-**

રાજકોટ શહેરમાં કુલ-૨ ટ્રાન્સફર સ્ટેશન કાર્યરત છે.

⇨ કે.એસ. ડીઝલ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનને આધુનિક સેમી કલોઝ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનમાં પરિવર્તિત કરવાનું કામ શરૂ કરેલ છે. જે આગામી વર્ષમાં કાર્યરત થનાર છે.

⇨ ૧૫૦ ફુટ રીંગ રોડ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન ખાતે ટ્રાન્સફર સ્ટેશન કાર્યરત છે. તેમજ રૈયા ધાર ખાતે નવું આધુનિક સેમી કલોઝ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનનું કાર્ય શરૂ કરેલ છે. જે આગામી વર્ષમાં કાર્યરત થનાર છે.

⇨ આગામી વર્ષમાં કોઠારિયા ખાતે વધારાનું એક સેમી કલોઝડ ટ્રાન્સફર સ્ટેશન રૂા. ૧૧૦૦ લાખના ખર્ચે બનાવવા માટે બજેટ હેડ સ્વચ્છ ભારત મિશન ગ્રાન્ટ સદરે જોગવાઇ કરવામાં આવેલ છે.

**૫) રાત્રિ સફાઇ :-**

હાલમાં રાત્રી દરમ્યાન સફાઇની કામગીરી કુલ-૦૯ જાહેર માર્ગોની સફાઇ કોન્ટ્રાકટ મારફત કરવામાં આવે છે, જેમાં વધારો કરી વધારાના ૧૫ જાહેર માર્ગોની સફાઇ રાત્રી દરમ્યાન આગામી વર્ષ દરમ્યાન કરવામાં આવનાર છે. હાલમાં મહાનગરપાલિકાના સફાઇ કામદારો દ્વારા કુલ-૦૭ જાહેર માર્ગો ઉપર રાત્રી દરમ્યાન સફાઇની કામગીરી કરાવામાં આવે છે, તથા કુલ-૦૭ નંગ ટ્રક માઉન્ટેડ વેકયુમ સ્વીપીંગ મશીન દ્વારા શહેરના મુખ્ય માર્ગોના ડીવાઇડરોની સફાઇ કરવામાં આવે છે. આગામી વર્ષમાં વધારાના કુલ-૦૪ સ્વીપીંગ મશીન ખરીદ કરવામાં આવનાર છે, જે અંગે રૂા. ૨૬૦ લાખની જોગવાઇ ‘‘સ્વચ્છ ભારત’’ મીશનની ગ્રાન્ટ સદરે રાખવામાં

**લક્ષ્યાંક ▌ રાજકોટને દેશનું સ્વચ્છ શહેર નં. ૧ બનાવવું**

# I.E.C. સેલ અને ટાસ્ક ફોર્સની રચના

‘‘સ્વચ્છ ભારત મિશન’’ અંતર્ગત રાજકોટ શહેરને સમગ્ર દેશમાં ‘સ્વચ્છ શહેર’ તરીકે ૭મો ક્રમ મેળવેલ છે. આ વર્ષે રાજકોટ શહેર સમગ્ર દેશમાં સ્વચ્છ શહેર તરીકે પ્રથમ ક્રમ મેળવે તે માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા કટ્ટીબધ્ધ છે. મહાનગરપાલિકાના નિર્ધારિત લક્ષ્યાંક હાંસો કરવામાં લોકજાગૃતિઅને લોક પ્રશિક્ષણ સંબંધિત કામગીરી ખુબ જ જરૂરી બની રહે છે. માત્ર રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી જ નહી પરંતુ શહેરના નગરજનો દ્વારા થઇ રહેલા કાર્યોનો પણ પ્રચાર - પ્રસાર થઇ શકે તે માટે ઇન્ફોર્મેશન, એજયુકેશન, કોમ્યુનિકેશન (આઇ.ઇ.સી.) તથા બિહેવિયરલ ચેઇન્જ કોમ્યુનિકેશન (બી.સી.સી.) એકટીવીટી કરવી જરૂરી છે. સોશ્યલ મીડીયા, અન્ય મીડીયા તેમજ માસ કોમ્યુનીકેશન ને લગત તમામ કામગીરી ઉપર વિશેષ ધ્યાન આપી શકાય તે માટે મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરા એ ‘આઇ.ઇ.સી. સેલ’ અને ‘આઇ.ઇ.સી. ટાસ્ક ફોર્સ’ની રચના કરેલ છે

**આઇ.ઇ.સી. સેલમાં સામેલ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ :**

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી અમિત ચોલેરા | આસી. મેનેજર (સેલ ઇન્ચાર્જ) |
| ૨ | શ્રી નિરવ પાડલીયા | સેનેટરી સબ ઇન્સપેકટર |
| ૩ | શ્રી ભગીરથસિંહ ઝાલા | જુ. કલાર્ક કમ કોમ્યુટર ઓપરેટર |

સેલ ઇન્ચાર્જ સહિતના તમામ સભ્યોની બેઠક વ્યવસ્થા સેન્ટ્રલ ઝોન ઓફીસમાં રહેશે તથા ‘મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિ’ની તમામ કામગીરી આ સેલ દ્વારા કરવાની રહેશે. આઇ.ઇ.સી. સ્પેશ્યલ સેલ હેઠળની તમામ કામગીરી નાયબ કમિશનર શ્રી (ઇસ્ટ ઝોન)ના સીધા સુપરવિઝન હેઠળ થનાર છે.

વિશેષમાં સ્પેશીયલ આઇ.ઇ.સી. સેલને માર્ગદર્શન મળી રહે અને જરૂરી પડે ત્યારે મહાનગરપાલિકાની અન્ય શાખાની મદદ મળી રહે તે હેતુસર ‘આઇ.ઇ.સી. ટાસ્ક ફોર્સ’ની રચના આઇ.ઇ.સી. ટાસ્ક ફોર્સમાં નીચે મુજબના અધિકારીઓ / કર્મચારીશ્રીઓ રહેશે.

**ટાસ્ક ફોર્સમાં સામેલ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ :**

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી પી. પી. વ્યાસ | નાયબ કમિશનર (ઇ.ઝો.) |
| ૨ | શ્રી સી. કે. નંદાણી | નાયબ કમિશનર (સે. ઝો.) |
| ૩ | શ્રી એન. આર. પરમાર | પર્યાવરણ ઇજનેર |
| ૪ | શ્રી એચ. આર. પટેલ | ઇ.ચા. આસી. કમિશનર (સે.ઝો.) |
| ૫ | શ્રી એસ. જે. ધડુક | ઇ.ચા. આસી. કમિશનર (વે.ઝો.) |
| ૬ | શ્રી એસ. એમ. ગોહીલ | ઇ.ચા. ડાયરેકટર (આઇ.ટી.) |
| ૭ | શ્રી પી. સી. સોલંકી | નાયબ પર્યાવરણ ઇજનેર (ઇ.ઝો.) |
| ૮ | શ્રી ડી. યુ. તુવર | નાયબ પર્યાવરણ ઇજનેર (વે.ઝો.) |
| ૯ | શ્રી વી. એસ. જીંજાળા | નાયબ પર્યાવરણ ઇજનેર (સે.ઝો.) |
| ૧૦ | શ્રી એન. કે. રામાનુજ | આસી. મેનેજર (સો.વે.મે.) |
| ૧૧ | શ્રી બી. ટી. રાઠોડ | પી.આર.ઓ. |

આઇ.ઇ.સી. ટાસ્ક ફોર્સની મહીનાના પ્રથમ તથા ત્રીજા સોમવારે બપોરે ૧૨ઃ૦૦ કલાકે સેન્ટ્રલ ઝોન કચેરીના મીટીંગ રૂમ ખાતે મળશે, જેમાં અગાઉના બે અઠવાડીયમાં આઇ.ઇ.સી. સેલ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમિક્ષા તથા આગામી બે અઠવાડીયાની કામગીરીનું જરૂરી આયોજન કરવામાં આવશે.

આવેલ છે.

**૬) ચિત્ર નગરી :-**

રાજકોટની સાંસ્કૃતિક અને પ્રવાસન સંબંધી એક નવી ઓળખ ઉભી કરવા, શહેરને સ્વચ્છ અને રળિયામણું બનાવી રાખવા લોકજાગૃતિ કેળવવા તથા ‘‘સ્માર્ટ સિટી’’ને અનુરૂપ કાર્યો કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા અને શહેરના નાગરિકોના એક સમૂહ દ્વારા સ્થપાયેલ ‘‘મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ’’ના સંયુકત પ્રયાસ રૂપે શહેરને ‘‘ચિત્ર નગરી’’ તરીકે વિકસાવવા એક પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. અત્યાર સુધી શહેરનાં મુખ્ય માર્ગો પર અલગ અલગ જાહેર જગ્યાઓ પર શાળા/કોલેજ તથા વિવિધ સંસ્થાઓ અને તમામ વય જુથના શહેરી જનોનાં સહયોગથી મોટી સંખ્યામાં સામાજીક ઉદેશ્ય દર્શાવતા નગનરમ્ય ચિત્રો દોરવામાં આવેલ છે.

**૭) સ્વછતા સ્પર્ધા ‘‘પ્રયાસ’’ :-**

રાજકોટ મહાનગરપાલિકા અને ઉત્સર્ષ ગ્રુપ દ્વારા રાજકોટ શહેરને સ્વચ્છ બનાવવા સ્વચ્છતા સ્પર્ધા ‘‘પ્રયાસ’’નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેરના શિક્ષણ, ઉદ્યોગ, તબીબી, ઓડીટીંગ, રિઅલ એસ્ટેટ જેવા ક્ષેત્રના પ્રબુદ્ધ લોકો વચ્ચેની એક મીટીંગમાં ચર્ચા પછી એવું નકકી થયું કે સ્માર્ટ સિટી તરફથી પ્રગતિનું પ્રથમ પગલું છે. રાજકોટ શહેરને સ્વચ્છ બનાવવુ. આ નાગરિકોના જૂથને નામ અપાયું ઉત્કર્ષ સિવિક ગ્રુપ. શહેર સ્વચ્છ તો જ બને જો રાજકોટની દરેક વ્યકિત આ અભિયાનમાં જોડાય. તેના ભાગરૂપે ઉત્કર્ષ ગ્રુપ આ કાર્યમાં પોતાનું મહત્વનું યોગદાન આપવા માટે એક સરસ યોજના તૈયાર કરી હતી.

આ યોજના અંતર્ગત રાજકોટ નાગરિકો માટે ‘‘પ્રયાસ’’ (મારું શહેર સ્વચ્છ શહેર) નામની એક સ્પર્ધાનું રાજકોટ મહાનગર- -પાલિકાના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાને જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. જેમાં ૨૮૦ ટીમ (૫૮૦૦ લોકોએ) સામેલ થઇ હતી. આ સ્પર્ધામાં રાજકોટ નાગરિકો, સેવાભાવી સંસ્થા, સોસાયટી, સરકારી સંસ્થા, શાળાઓ, કોલેજો, ઔદ્યોગિક એકમો, વેપારીઓ, હોસ્પિટલો અને ધાર્મિક સંસ્થાઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધાનો ઉદેશ નાગરિકોને જાત મહેનત દ્વારા સફાઇ અને સુશોભન હતું. તેમાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લઇ શહેરની જાહેર જગ્યાઓ સાફ કરી હતી. સ્પર્ધાના ઇનામોનું સમગ્ર ભંડોળ અંદાજે રૂા. ૬ લાખ UCG તરફથી આપવામાં આવ્યું હતું. સફાઇ સહિત સુશોભન અને જે તે વિસ્તારના રહીશનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રચાર માટે મીડીયા કવરેજ, હોર્ડિંગ્સ અને ડાયરેકટ પ્રેઝન્ટેશન એવી સંસ્થાઓમાં કરવામાં આવ્યું હતું જયાં આશરે ૧.૩૦ લાખની જન સંખ્યા હતી. આમ સફાઇ ક્ષેત્રે આ એક લોક ભાગીદારી શરૂ થાય તે માટેનો સફળ પ્રયાસ રહયો.

**૮) રાજકોટ હાફ મેરેથોન :-**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજકોટ પોલીસ વિભાગ દ્વારા રાજકોટમાં સ્વછતા અને ટ્રાફિક બાબતમાં લોકજાગૃતિ કેળવાય તેવા શુભ આશયથી તા. ૨૪-૦૧-૨૦૧૬ના રોજ રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની ૨૧ કીમી હાફ મેરેથોન મી. અને તેની સાથોસાથ અન્ય પાંચ કેટેગરીની બીજી દોડ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ- -વાસીઓમાં ખાસ કરીને એથ્લેટોના ઉમંગ ઉત્સાહમાં જબ્બર વધારો થવા લાગ્યો છે. રાજકોટ હાફ મેરેથોનમાં કમિશનર શ્રી વિજય નેહરાએ આજે એમ જણાવ્યું હતું કે, મ્યુનિ. મેરેથોન માટે વેબસાઇટ ખાસ શરૂ થતાની સાથે જ તેની મુલાકાત લેનાર વિઝીટરની સંખ્યમાં પણ દિવસે ને દિવસે જબદસ્ત વધારો થઇ રહયો છે.

➤ **અન્ય કામગીરી :-**

‘‘સ્વચ્છ ભારત’’ મીશનની ગ્રાન્ટ સદરે અંતર્ગત રૂા. ૧૪૦ લાખનાં ખર્ચે આગામી સાલ દરમ્યાન નવા ડમ્પર પ્લેસર નંગ કુલ-૦૫, એસ્કેવેટર ક્રમ લોડર વાહન-૦૨, વ્હીલબરો-૫૦૦ નવા ખરીદવામાં આવનાર છે.

➤ **સલામત સ્વચ્છતા :-**

હાલામાં રાજકોટ મહાનગર- -પાલિકા દ્વારા રાજકોટ શહેરના જુદા-જુદા વિસ્તારોની સફાઇ કરવામાં આવે છે તેમજ ઘરે-ઘરેથી કચરો એકત્રિત કરવામાં આવે છે. જેથી રાજકોટ શહેર સ્વચ્છ રહે તે માટોન પુરતા પ્રયત્નો કરવામાં આવે છે, પરંતુ રાજકોટ સ્વચ્છ રહે તેની સાથો સાથ કચરાનો પણ યોગ્ય વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ થાય તે પણ જરૂરી છે કેમ કે આ બાબત લોકોના આરોગ્ય સાથે સીધી રીતે સંકળાયેલ હોઇ આ અંગે નીચે કાર્યવાહી કરવામાં આવે છે.

**૧. ડીસેન્ટ્રલાઇઝડ વેસ્ટ મેનેજમેન્ટ:**

⇨ હાલમાં ‘‘સ્માર્ટ સોસાયટી’’ પ્રોજકેટ અમલી છે. આ સ્માર્ટ સોસાયટીમાં સફાઇ માટે પ્રતિ ચો.મી. રૂા. ૧/- કચરો પ્રતિ માસ લેખે ગ્રાન્ટ આપવામાં આવે છે તથા આ સ્માર્ટ સોસાયટીમાં દરેક ઘરમાં ભીનો તથા સુકો કચરો અલગ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે, તેમજ હાલમાં ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીન ખરીદ કરવાની ખરીદ કરવાની વહીવટી પ્રક્રિયા શરૂ કરેલ છે. આગામી વર્ષમાં આ ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીન ‘‘સ્માર્ટ સોસાયટી’’ ને પ્રયોગિક ધોરણે તેનો ઉપયોગ કરવા માટે આપવામાં આવશે. જેથી સ્માર્ટ સોસાયટીમાંથી અલગ રીસાઇકલલબલ કચરો તેઓના કામદારો મારફત વેચાણ કરી નિકાલ થશે. હાલમાં અલગ - અલગ સાઇઝના કુલ-૦૮ નંગ ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીન ખરીદ કરવામાં આવનાર છે. જેથી સ્માર્ટ સોસાયટીઓ ‘‘ઝીરો ગાર્બેજ સોસાયટી’’ બની શકે.

**૨. પ્રોસેસીંગ પ્લાન્ટ તથા લેન્ડ ફીલ સાઇટની વિગત :**

⇨ નાકરાવાડી સાઇટ ખાતે વેસ્ટ પ્રોસેસીંગનું કામ સ્ત્રોત એન્ર્જીસ પ્રા. લી. તથા રોકેમ સેપરેશન ઇન્ડીયા પ્રા. લી. ને કચરામાંથી વિજળી ઉત્પન કરવા માટેનો પ્રોજેકટ આપવામાં આવેલ છે જે આગામી વર્ષમાં પૂર્ણ થશે.

⇨ નાકરાવાડી સાઇટ ખાતે હાલમાં પ્રથમ લેન્ડ ફીલ સાઇટ બનાવવામાં આવેલ છે. જે સંપૂર્ણપણે ભરાય ગયેલ છે. જેનુ કેપીંગ કરવાનું કામ શરૂ કરેલ છે. જે આગામી વર્ષમાં પૂર્ણ થશે, તથા લેન્ડ ફીલ સાઇટનો દ્વિતિય સેલ બનાવવાનું કામ ચાલુ છે આગામી વર્ષમાં કાર્યરત થશે.

માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય અને કમિશનરશ્રી વિજય નેહરાએ વધુમાં કહ્યું હતું કે, અન્ય શહેરો કોઇ નવી પહેલ કરે અને પછી રાજકોટ પણ તેને અનુસરે તેના કરતા રાજકોટ પોતે વિવિધ જાહેર હેતુઓ માટેની નવી નવી પહેલ કરે, નવી ટેકનોલોજી અપનાવે અને કશુક નવું કરે પછી તેને અન્ય શહેરો અનુસરે તેવો અભિગમ અપનાવી રહ્યું છે.



# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં જ 'રાજકોટ સ્માર્ટ કાર્ડ' લોન્ચ થશે







## નવી પહેલ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી બે-ત્રણ માસમાં જ નાગરિકોની સુવિધા માટે 'રાજકોટ સ્માર્ટ કાર્ડ' લોન્ચ કરવા તંત્રે કમર કસી છે તેમ તા. ૨૭-૨-૨૦૧૬ના રોજ મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. સ્માર્ટ સિટી રાજકોટ પ્રોજેક્ટ હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેકનોલોજી ડ્રીવન એટલે કે નવી અદ્યતન ટેકનોલોજી યુક્ત સેવા નાગરિકોને આપવા માટે આયોજન થઇ રહ્યું છે તે અનુસંધાને રાજકોટ સ્માર્ટ કાર્ડ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવી રહ્યા છે તે બાબતે મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ ખુશ વ્યક્ત કરી હતી.

મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની સૌથી મોટી રાષ્ટ્રીયકૃત બેન્ક 'સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા' સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'રાજકોટ સ્માર્ટ કાર્ડ' અંગે જરૂરી વિચાર વિમર્શ કરવામાં આવી રહ્યો છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, હાલના તબક્કે મહાનગરપાલિકા પાઇલોટ પ્રોજેક્ટ હાથ ધરશે. જેમાં ૧૦,૦૦૦ (દસ હજાર) 'રાજકોટ સ્માર્ટ કાર્ડ' ઈસ્યુ કરવામાં આવશે. MiFare Ultra light C Cardsની સૌથી અદ્યતન ટેકનોલોજી ધરાવત આ કાર્ડના માધ્યમથી લોકો સિટી બસ, બી.આર.ટી.એસ. બસ સેવા, લાઇબ્રેરીની ફી, વગેરેની ચૂકવણી તો કરી જ શકશે, જોકે આ સ્માર્ટ કાર્ડ અન્ય સમાર્ટ કાર્ડ કરતા કાંઇક અલગ પડે છે. જેમ કે એસ.બી.આઇ. અને અમૂલ ડેરી વચ્ચે થયેલી વ્યવસ્થાનો લાભ 'રાજકોટ સ્માર્ટ કાર્ડ' ધારકને પ્રાપ્ત થશે. લોકો આ કાર્ડથી અમૂલ દૂધ સહિતની પ્રોડક્ટ ખરીદી શકશે. સામાન્ય રીતે દૂધ લેવા જતા લોકોને છુટ્ટા પરચૂરણ પૈસાની કડાકૂટ થતી હોય છે પરંતુ આ કાર્ડથી એ પ્રશ્ન દૂર થશે. મહાનગરપાલિકા હોકર્સને પણ આ કાર્ડ આપવા વિચારી રહી છે.

મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ અન્ય એક ખાસ વાત કરતા કહ્યું હતું કે, આમ તો જોકે કાર્ડ ખરીદનાર વ્યક્તિએ વન ટાઇમ ફી પેટે રૂા. ૨૫/- અને પછી દર મહિને રૂા. ૧૦/- જેવો મામુલી ખર્ચ કરવાનો થશે. જોકે પાઇલોટ પ્રોજેક્ટ હેઠળ શરૂઆતના જે પ્રથમ ૧૦,૦૦૦ (દસ હજાર) લોકો આ કાર્ડ ખરીદ કરશે તેઓએ આ ખર્ચ ભોગવવાનો રહેશે નહી. આગામી એક વર્ષ માટે આ ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા ભોગવશે. એક વર્ષ પછી કાર્ડ ધારકે ખર્ચ ચૂકવવાનો રહેશે. વિશેષમાં એસ.બી.આઇ. દ્વારા જ્યાં જ્યાં ટાઇ અપ કરવામાં આવેલ હશે તે દરેક સ્થળે આ સ્માર્ટ કાર્ડથી ખરીદી કરી શકાશે. આ ઉપરાંત અન્ય એક નોંધાવાપાત્ર બાબત એ છે કે, સામાન્ય રીતે અન્ય સ્માર્ટ કાર્ડમાં ગ્રહક અને વેપારીએ જે તે ખરીદ-વેંચાણ વ્યવહાર વખતે કાર્ડ સંબંધી મામુલી ચાર્જ ચૂકવવો પડતો હોય છે પરંતુ રાજકોટ સ્માર્ટ કાર્ડ લેનાર નાગરિકે આ ચાર્જ પણ ચૂકવવાનો થશે નહી. એસ.બી.આઇ. ઇ-પે કેન્દ્ર પરથી આ કાર્ડ રીચાર્જ પણ કરાવી શકાશે.

મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ વધુમાં જણાવ્યું હતું કે, પાઇલોટ પ્રોજેક્ટના પરિણામોની સમીક્ષા કર્યા બાદ આ કાર્ડની સેવાનો વ્યાપ કયાં કયાં વિસ્તારી શકાય એમ છે તેનો નિર્ણય કરવામાં આવશે. જેમાં સંભવતઃ રાજકોટ મહાનગરપાલિકાના તમામ પેમેન્ટ જેવા કે પે એન્ડ પાર્કિંગ, મિલ્કત વેરો, સ્નાનાગાર, સ્પોર્ટ્સ સંકૂલ, કોમ્યુનિટી હોલ, જન્મ મરણ નોંધણી ફી, શોપ રજીસ્ટ્રેશન, સહિતના નાના મોટા તમામ વેરા અને ફી આવરી લેવા વિચારવામાં આવશે. આગામી ટૂંક સમયમાં જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ સ્માર્ટ કાર્ડ કયાંથી અને કેવી રીતે પ્રાપ્ત કરી શકાશે તે અંગે લોકોને માહિતગાર કરશે.

# પ્રાણી સંગ્રહાલયમાં નવા મહેમાન પધાર્યા : ઘરિયાલ મગરનું આગમન



**રાજકોટ શહેરની ભાગોળે આવેલ પ્રદ્યુમન પાર્ક પ્રાણી ઉદ્યાન ખાતે તા. ૨૬-૨-૨૦૧૬ના રોજ લખનઉ ઝૂ ખાતેથી વન્ય પ્રાણી વિનીમય અંતર્ગત ઘરીયાલ મગર જાતીની બે જોડી એમ કુલ ૪ વન્ય પ્રાણી લાવામાં આવેલ છે. આ તમામ ઘરીયાલ મગરની સરેરાશ લંબાઇ ૫ ફુટ તેમજ અંદાજીત ઉંમર ૩ વર્ષ જેટલી છે. ઘરીયાલ મગર ઉત્તર ભારતીય ઉપખંડના બ્રહ્મપુત્રા તથા ગંગા નદી વિસ્તારમાં તેમજ બાંગ્લાદેશ, બર્મા, ભુતાનના નદી વિસ્તારમાં જોવા મળે છે. હાલ ઝૂ ખાતે આ ઘરીયાલ મગર મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરવામાં આવી રહેલ છે.**

## તંત્રની સંવેદના

# રાજકોટ મહાનગરપાલિકાનું સંવેદનશીલ તંત્ર અને ઉમદા નિર્ણય

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં ફરજ બજાવતા સફાઇ કામદાર તેની નોકરી દરમ્યાન સફાઇ કામગીરીના કારણે કોઇ રોગના ભોગ બને અને મેડીકલ તપાસમાં કામ કરવા માટે કાયમી અશકત જાહેર થાય તેવા સંજોગોમાં તેના કોઇ એક વારસદારને નોકરી આપવા અંગે જ.બો. ઠરાવ નં. ૪૯, તા ૨૭-૯-૨૦૧૨ થી નીતિ નિયમ કરવામાં આવેલ છે. જે અનુસંધાને મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ માનવીય અભિગમ અપનાવી આવા સફાઇ કામદારની સ્વૈચ્છિક નિવૃત્તિ મંજૂર કરવા માટેની કાર્યવાહી પૂર્ણ કરેલ છે.

નોકરી દરમ્યાન સફાઇ કામગીરીના કારણે કોઇ રોગના ભોગ બનેલ હોવાની અને કામ કરવા માટે અશકત હોવા અંગેની નિયત નમુના મુજબની સ્વૈચ્છિક નિવૃત કરવા અંગે તબીબી પ્રમાણપત્રો સાથેની કુલ-૪૫ અરજીઓ આવેલ. ઉકત ઠરાવની કાર્યપધ્ધતિ અનુસાર સફાઇ કામદારની તબીબી પ્રમાણપત્રો ચકાસી કરવા માટે તા. ૨૩-૨-૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે મધ્ય ઝોન કચેરી મિટીંગ હોલ ખાતે સમિતિની મિટીંગ રાખવામાં આવેલ. આ સમિતિમાં મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરા, નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસ, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી મનિષભાઇ રાડીયા, સેનીટેશન સમિતિ ચેરમેન શ્રી આશીષભાઇ વાગડીયા તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. પી. પી. રાઠોડ હાજર રહેલ હતા.

અત્રે એ ખાસ ઉલ્લેખનીય બનશે કે, તાજેતરમાં જ 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત રાજકોટ શહેર સમગ્ર દેશમાં સ્વચ્છ શહેર તરીકે અગ્રેસર રહીને ૭મો ક્રમ મેળવ્યો છે. રાજકોટને આ સિદ્ધિ આપવવામાં સફાઇ કામદારોનો રોલ અત્યંત મહત્વપૂર્ણ બને છે. નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવતા સફાઇ કામદારો પૈકી જે સફાઇ કામદારો કોઇઓ બિમારીનો ભોગ બને અને તબીબી દ્રષ્ટિએ સફાઇ કામગીરી માટે કાયમી રીતે અશકત બની જાય તો તેના પરિવારની પરિસ્થિતિ કઠીન બની જાય છે. આવા કિસ્સાઓમાં જે તે અશકત સફાઇ કામદારના કોઇ એક વારસદારને નોકરી આપવાનો અભિગમ ખુબ જ માનવતાવાદી અને આશીર્વાદરૂપ પૂરવાર થઇ શકે છે.

તા. ૨૩-૨-૨૦૧૬ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિની અરજીઓની સમીક્ષા કરવા અર્થેની સમિતિની મિટીંગમાં આવા અશકત સફાઇ કામદારોને સ્વૈચ્છિક નિવૃત કરવા અંગે આવેલ અરજીઓ તથા તબીબી પ્રમાણપત્રોની ચકાસણી બાદ સમિતિ દ્વારા આ તમામ અરજીઓ સર્વાનુમતે મંજુર કરેલ છે, તેમજ તેમના કોઇ એક વાસરદારને નોકરી આપવા અંગે આગળની કાર્યવાહી ઉકત ઠરાવ અનુસાર કરવામાં આવશે તેવો નિર્ણય કરવામાં આવેલ છે. જો કે આ કાર્યવાહી દરમ્યાન એક સફાઇ કામદારનું નિધન થતા ૪૪ અરજીઓ પર કાર્યવાહી થશે.

## સફાઇ કામગીરીના કારણે કોઇ રોગના ભોગ બનતા કે મેડીકલ તપાસમાં કામ કરવા માટે કાયમી અશકત બનતા સફાઇ કામદારના એક વારસદારને નોકરી

| ક્રમ | સફાઇ કર્મચારીનું નામ | ક્રમ | સફાઇ કર્મચારીનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી કિશોરભાઇ પોપટભાઇ ઝાલા | ૨૩ | શ્રી રમાબેન કાનજીભાઇ ગોહેલ |
| ૨ | શ્રી દિનેશભાઇ મોહનભાઇ પરમાર | ૨૪ | શ્રી ભગુભાઇ મેરૂભાઇ મકવાણા |
| ૩ | શ્રી ગંગાબેન નાનજીભાઇ સોલંકી | ૨૫ | શ્રી ઉજીબેન ચનાભાઇ ધરાણીયા |
| ૪ | શ્રી મંજુબેન માવજીભાઇ વાઘેલા | ૨૬ | શ્રી ચંપાબેન ભીખાભાઇ પરમાર |
| ૫ | શ્રી શાંતાબેન પ્રેમજીભાઇ મકવાણા | ૨૭ | શ્રી હંસાબેન રાજેશભાઇ પરમાર |
| ૬ | શ્રી જયાબેન નટવરભાઇ બારૈયા | ૨૮ | શ્રી ચંપાબેન માવજીભાઇ ચુડાસમા |
| ૭ | શ્રી દિનેશભાઇ અજીતભાઇ પરમાર | ૨૯ | શ્રી કાંતીભાઇ ગોવિંદભાઇ સોલંકી |
| ૮ | શ્રી ડાયાભાઇ ચકુભાઇ વાઘેલા | ૩૦ | શ્રી ધનુબેન છગનભાઇ વાઘેલા |
| ૯ | શ્રી તુલસીબેન લખુભાઇ વાઘેલા | ૩૧ | શ્રી મંજુલાબેન ભીખાભાઇ વાઘેલા |
| ૧૦ | શ્રી વિનોદ મોહનભાઇ પરમાર | ૩૨ | શ્રી કેશુભાઇ અરજણભાઇ ચુડાસમા |
| ૧૧ | શ્રી શાન્તાબેન પરસોતમભાઇ રાઠોડ | ૩૩ | શ્રી લક્ષ્મીબેન પરસોતમભાઇ ટીમાણીયા |
| ૧૨ | શ્રી રંજનબેન જીવાનભાઇ પરમાર | ૩૪ | શ્રી મુકતાબેન જીવાભાઇ વાઘેલા |
| ૧૩ | શ્રી અમૃતબેન ચનાભાઇ પરમાર | ૩૫ | શ્રી હંસાબેન બચુભાઇ નૈયા |
| ૧૪ | શ્રી બાલુબેન ભીખાભાઇ મેરાણ | ૩૬ | શ્રી પરસોતમભાઇ પંજાભાઇ પરમાર |
| ૧૫ | શ્રી રણછોડભાઇ નાનજીભાઇ ગૌરી | ૩૭ | શ્રી દયાબેન માધુભાઇ સોલંકી |
| ૧૬ | શ્રી હંસાબેન ધનજીભાઇ ચૌહાણ | ૩૮ | શ્રી રાજુભાઇ પોલાભાઇ સોલંકી |
| ૧૭ | શ્રી કિશોરભાઇ સુમાભાઇ સોઢા | ૩૯ | શ્રી નટુભાઇ કરશનભાઇ વાઘેલા |
| ૧૮ | શ્રી દિનેશભાઇ ચનાભાઇ મેરામ | ૪૦ | શ્રી વિપુલભાઇ ભાણાભાઇ મકવાણા |
| ૧૯ | શ્રી મનસુખભાઇ ભાણજીભાઇ બેરડીયા | ૪૧ | શ્રી પ્રવિણભાઇ લક્ષ્મણભાઇ લઢેર |
| ૨૦ | શ્રી રામજીભાઇ રવજીભાઇ શીંગાળા | ૪૨ | શ્રી મંગુબેન મનજીભાઇ પરમાર |
| ૨૧ | શ્રી કાળુભાઇ બચુભાઇ વાઘેલા | ૪૩ | શ્રી હસમુખભાઇ હીરાભાઇ વાઘેલા |
| ૨૨ | શ્રી મનસુખભાઇ મોહનભાઇ ગોહેલ | ૪૪ | શ્રી કાળીબેન ઉકાભાઇ ધણીયા |








# ચિત્રનગરી પ્રોજેક્ટ | ૫,૦૦૦ ચિત્રો પુરા થવાના અવસરની ઉજવણી થશે



રાજકોટને ''સ્માર્ટ સિટી'' બનાવવા હાથ ધરવામાં આવેલા અભિયાન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાએ શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવાના તેમજ તેની સાથો સાથ સ્વચ્છતા પ્રત્યે લોકોમાં અપેક્ષિત જનજાગૃતિ કેળવાય તેવા આશયથી મહાનગરપાલિકા તથા 'મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ', રાજકોટનાં સયુંકત ઉપક્રમે ચિત્ર નગરી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તા. ૩૦-૯-૨૦૧૫ના રોજ શરૂ થયેલા અભિયાન હેઠળ માત્ર ચાર માસના ટુંકા સમયગાળામાં જ નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત થયા છે. જેમાં આ પ્રોજેક્ટના પ્રથમ માઇલ સ્ટોન સમા ૫૦૦૦ ચિત્રો હવે પુવા થવા જઈ રહયાં છે. આ અવસરને યાદગાર બનાવવા અને તેની ઉજવણી માટે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, અત્યંત લોકપ્રિય ટી.વી. શ્રેણી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં' સીરીયલના પ્રોડયુસર શ્રી આસિતભાઇ મોદી તથા અન્ય કલાકારો ખાસ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવામાં આવશે.

ચિત્રનગરી અભિયાનનો અન્ય એક આશય રાજકોટની એક આગવી ઓળખ ઉભી કરવા તથા ટુરીસ્ટ સેન્ટર તરીકે વિકસાવવાનો પણ છે. આ અભિયાન આજે વિશાળ સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. અત્યાર સુધી જાહેર દિવાલો ઉપર વિવિધ લખણો અને જાહેરાતનો ચિતરામણા થતા રહેતા હતા જેના પરિણામે રાજકોટની સુંદરતાને ઝાંખપ લાગતી હતી. જોકે હવે વિવિધ જગ્યાએ આવી દિવાલો ઉપર જાહેર હિતમાં વિવિધ પ્રકારના સામાજિક સંદેશ આપતા સુંદર ચિત્રો જોવા મળી રહયા છે. તાજેતરમાં જ સ્વચ્છ ભારત મિશન હેઠળ કેન્દ્ર સરકારશ્રી દ્વારા હાથ ધરાયેલા 'સ્વચ્છ સર્વેક્ષણ-૧૬'માં સ્વચ્છ રાજકોટની ઝુંબેશ રંગ લાવી અને હાલ રાજકોટનું સ્થાન નંબર-૭ ઉપર આવી ગયેલ છે. જે તમામ રાજકોટવાસીઓ માટે ગૌરવ સમાન છે અને તેઓ અભિનંદનના ખરા હકકદાર પણ છે જ. દેશના ટોપ ટેન સ્વચ્છ શહેરોમાં સ્થાન શોભાવી રહેલ રાજકોટ શહેર માત્ર સાફ સુથરૂ જ નહી પરંતુ ચિત્ર નગરી પ્રોજેકટને કારણે ધ્યાનાકર્ષક રીતે સુંદર પણ ભાસી રહ્યું છે. રાષ્ટ્રીય અને

## 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ટીવી સિરીયલના કલાકારોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે





ચિત્રનગરી પ્રોજેકટ હેઠળ રાજકોટમાં વિવિધ દિવાલો ઉપર ૫૦૦૦ ચિત્રો પૂરા થઇ રહયા છે એ અંગે યોજાયેલ પત્રકાર પરિષદમાં માહિતી આપી રહેલા મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરા, શ્રી જીતુભાઇ ગોટેચા, શ્રી નીતિનભાઇ નથવાણી વગેરે તસવીરોમાં દેખાય છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે એક આગવી ઓળખ ધરાવતા રાજકોટને હવે ભારતનું પ્રથમ ક્રમનું સ્વચ્છ શહેર બનાવવા આપણે સૌએ સાથે મળીને પ્રયાસો કરવા પડશે.

ચિત્ર નગરી પ્રોજેકટ હેઠળ શહેરના આશરે ૬૫૦ જેટલા ચિત્રકારો દ્વારા શહેરના સંખ્યાબંધ રસ્તાઓ જેમ કે કાલાવડ રોડ, અન્ડર બ્રીજ, ડો. યાજ્ઞિમ રોડ પર શ્રી ધર્મેન્દ્રસિંહજી હાઇસ્કૂલની દિવાલ, ૮૦ ફૂટ રોડ, રેસકોર્ષ ગાર્ડનની અંદર બાલ ભવન અને શ્રી શ્યામા પ્રસાદ મુખરજી આર્ટ ગેલરીની દિવાલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રણછોડનગરમાં શાળા નં. ૧૫ તથા સરસ્વતી શિશુ મંદિર, પેડક રોડ, સંત કબીર રોડ, રેસકોર્ષ નજીક મારૂતિનગરમાં સરસ્વતી શિશુ મંદિર, ડો. દસ્તુર માર્ગ, રૈયા રોડ પર આમ્રપાલીની દિવાલ, સત્ય સાંઇ રોડ, લાલપરી -રાંદરડા તળાવ અને પ્રદ્યુમ્ન પાર્ક પ્રાણી સંગ્રહાલયની દિવાલ, વગેરે સહિતના સ્થળોએ બનાવવામાં આવેલ ૫૦૦૦ ચિત્રોની ઉજવણીનો એક કાર્યક્રમ આગામી તા. ૨૭-૦૩-૨૦૧૬ ને રવિવારના રોજ યોજવામાં આવેલ છે. ફિલ્મ જગતના ઈતિહાસમાં માઇન સ્ટોન સમાન ફિલ્મો શોલે તથા ટી.વી. સીરીયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના તમામ પાત્રોના ચિત્રો યાજ્ઞિક રોડ, માલવિયા ચોક ખાતેની દિવાલો ઉપર ચિત્રનગરી ટીમના કલાકારો દ્વારા દોરવામાં આવશે. આ પ્રસંગે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સીરીયલના પ્રોડયુસર શ્રી આસિતભાઇ મોદી તથા અન્ય કલાકારો ખાસ ઉપસ્થિત રહેશે.

આ ખાસ પ્રસંગે ૫૦૦૦ ચિત્રો પુરા થતા હોઇ 'મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ' તથા બાલ ભવનના સયુકત ઉપક્રમે ઓપન રાજકોટ ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજન પણ તા. ૨૭-૩-૨૦૧૬ ના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન બાલભવન ખાતે કરવામાં આવશે. જેમાં નાની ઉંમરના બાળકોથી લઇ મોટી ઉંમરના કોઇ કલાકાર ભાગ લઇ શકશે. ૫૦૦૦ કલાકારો એકજ જગ્યાએ એકી સાથે ચિત્રો દોરશે અને આ બે કલાકના સમયમાં ૫૦૦૦ ચિત્રો તૈયાર થશે. આ ચિત્ર સ્પર્ધા ત્રણ કેટેગરીમાં રાખવામાં આવેલ છે.

જેમાં પ્રથમ ત્રણ વિજેતા સ્પર્ધકોને તા. ૨૭-૩-૧૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે શ્રી અટલ બિહારી બાજપાઇ ઓડીટોરીયમ, પેડક રોડ ખાતે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સીરીયલના કલાકારો તથા અન્ય મહાનુભાવોના વરદ હસ્તે ઈનામ આપવામાં આવશે. વિશેષમાં, ચિત્ર નગરી પ્રોજેકટ હેઠળ કુલ ત્રણ વર્ષમાં ૫૦,૦૦૦ (પચાસ હજાર) ચિત્રો દોરવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે.

આ લક્ષ્યાંક પૂર્ણ થયે ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મેળવવા માટે પણ પ્રયાસ કરવામાં આવશે. મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ દ્વારા આ અગાઉ સમગ્ર રાજકોટમાંથી પ્લાસ્ટીકમાં રાખેલી ડીટાણુંયુકત રૂપીયા ૫/-ની રદ્દી નોટ દૂર કરવાનું અભિયાન હાથ ધરેલ. ત્રણ માસ દરમ્યાન રૂપિયા ૮૫,૦૦,૦૦૦ની રદ્દી નોટ પરત લઇ તેમની સામે સિકકાનું વિતરણ કરી આ અભિયાન સફળતા પૂર્વક પર પાડેલ છે. હાલ દર રવિવારે સવારે ૭ થી ૯ વાગ્યા સુધી રેસકોર્ષ ખાતે (બાલભવન થી સ્વિમિંગ પૂલ સુધીનો માર્ગ) ફન સ્ટ્રીટનું આયોજન સફળતાપૂર્વક ચાલી રહયું છે. જયારે સાંજે ૭ થી ૧૦ દરમ્યાન આર્ટ ગેલેરી પાસે મ્યુઝિયમ સન્ડે અંતર્ગત જુદા જુદા મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ગીત સંગીતનો કાર્યક્રમ પણ સફળતાપૂર્વક યોજવામાં આવી રહયો છે. ચિત્ર નગરી, ફન સ્ટ્રીટ તથા મ્યુઝીકલ સન્ડેમાં જે કલાકારો ભાગ લેવા માંગતા હોય તેઓ આર્ટ ગેલેરી રેસકોર્ષ ખાતે દરરોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન સંપર્ક સાધી શકે છે.



## મવડી ચોકડી ખાતે બનનાર ફલાઈ ઓવર બ્રીજ પ્રોજેકટની વિગત

| | |
|---|---|
| કામનું નામ | - કન્સ્ટ્રકશન ઓફ ૪-લેન (૨ લેન+૨ લેન) ફલાય ઓવર બ્રીજ ઓન ૧૫૦ ફૂટ રીંગ રોડ એટ રાજકોટ (મવડી ઓવર બ્રીજ) |
| - કામની અંદાજીત રકમ | - રૂા. ૨૨,૬૬,૧૦,૦૦૦/- |
| - ફલાય ઓવર બ્રીજની લંબાઇ | - ૭૭૫ મીટર |
| - ફલાય ઓવર સ્ટાર્ટીંગ પોઇન્ટ | - ઓમનગર, બી.આર.ટી.એસ. બસ સ્ટોપ, ૧૫૦ ફૂટ રીંગ, રાજકોટ. |
| - ફલાય ઓવર એન્ડ પોઇન્ટ | - રૈયા ચોક ક્રોસ કરી આગળ જઇ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પૂર્ણ |
| - ૪ લેન ફલાય ઓવર બ્રીજ | - પ્રત્યેક લેનની પહોળાઇ ૮.૪૦ રનીંગ મીટર |
| - ફલાય ઓવર બ્રીજનું બાંધકામ | - આર.સી.સી. |
| - ફલાય ઓવર બ્રીજનું બાંધકામ પૂર્ણ કરવાની સમય મર્યાદા | - ૧૮ (અઢાર) માસ |
| - ઇ-ટેન્ડર પ્રક્રિયા (ડાઉન લોડીંગ ઓફ ઇ-ટેન્ડર) | - શરૂ તા. ૨૯-૨-૨૦૧૬ |

# મવડી ચોકડી ખાતે આશરે રૂા. ૨૨.૯૬ કરોડના ખર્ચે ફલાઈ ઓવર બ્રીજ બનશે

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની ટ્રાફિસ સમસ્યા શકય તેટલી હળવી કરવા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહયા છે. આ પ્રયાસોના એક ભાગરૂપે મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મવડી ચોકડી ખાતે આશરે રૂા. ૨૨,૬૬,૧૦,૦૦૦ ના ખર્ચે બનનારા ફલાઇ ઓવર બ્રીજ બનાવવાના પ્રોજેકટની ઇ-ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવા મંજૂરી આપી દીધા બાદ તા. ૨૭-૨-૨૦૧૬ ના રોજ અખબારમાં આ અંગેની ટેન્ડર નોટીસ કરાઇ હતી અને ઇ-ટેન્ડર રાજકોટ મહાનગર--પાલિકાની વેબસાઇટ લોન્ચ કરવામાં આવેલ છે. તા. ૨૯-૨-૧૬ થી ઇ-ટેન્ડર ડાઉનલોડ કરી શકાશે.

મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ આ પ્રોજેકટ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, મવડી ચોકડી ખાતે ચારેય દિશામાંથી સતત વાહનોની અવર-જવર રહે છે અને તેને કારણી ત્યાં અવાર નવાર ટ્રાફિક સંબંધી પ્રશ્નો ઉભા થતા રહે છે. ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવ-જા કરતા નાના-મોટા અને અન્ય ભારે વાહનો મવડી ચોકડી ખાતે ઓવર બ્રીજ પરથી વિના અવરોધ પસાર થઇ શકે અને મવડી મેઇન રોડ પર આવા ગમન કરતા વાહનોને એ ભારે ટ્રાફિસ કયાંય નડતરરૂપ ન થાય તેવી વ્યવસ્થા આ ઓવર બ્રીજ ખુબ જ આશીર્વાદરૂપ પૂરવાર થશે.

તેમણે જણાવ્યું હતું કે, ૭૭૫ મીટર લંબાઇ ધરાવતા આ ઓવર બ્રીજની શરૂઆત (ફલાય ઓવર સ્ટાર્ટીંગ પોઇન્ટ) ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના ઓમનગર, બી.આર.ટી.એસ. બસ સ્ટોપ ખાતેથી થશે.

જયારે ઉમિયા ચોક, બી.આર.ટી.એસ. બસ સ્ટોપ ખાતે બ્રીજ પૂર્ણ (ફલાય ઓવર એન્ડ પોઇન્ટ) થશે. આ ઓવર ફોર લેનનો બનશે. પ્રત્યેક લેનની પહોળાઇ ૮.૪૦ રનીંગ મીટર (ચાર લેન) રહેશે. બ્રીજનું બાંધકામ શરૂ થયા બાદ આ કાર્ય પૂર્ણ કરવાની સમય મયાર્દા ૧૮ માસ મુકરર કરવામાં આવી છે. આ પ્રોજેકટ માટેની પ્રી-બીડ મિટીંગ તા. ૮-૩-૨૦૧૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવનાર છે.

ઇ-ટેન્ડર ઓનલાઇન સબમિટ કરવા માટેની આખરી તારીખ ૨૧-૩-૨૦૧૬ (સાંજના ૬:૦૦ કલાક સુધી) રહેશ.



# ૧૫૦ ફૂટ રિંગ રોડ પર વધુ બે ફલાઈઓવર બ્રીજ બનાવવા ટેન્ડર પ્રસિધ્ધ થયા

એ સર્વ વિદિત છે કે, રાજકોટ શહેરમાં વાહનોની સંખ્યા જે ગતિએ વધી રહી છે તેના પરિણામે ધીમે ધીમે ટ્રાફિકના પ્રશ્નો ઉપસ્થિત થઇ રહયાનું જોઇ શકાય છે. હાલની સ્થિતિ જોતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ જો આ સમસ્યાનું નિરાકરણ લાવવાના પ્રયાસો ના થાય તો આગામી દિવસો પરિવહન માટે વધુ મુશ્કેલી ઉભી કરી શકે તેમ કહેવામાં અતિશયોકિત નહી ગણાય. આ સમગ્ર બાબતને અત્યંત ગંભીરતાથી લઇ રાજકોટ મહાનગરપાલિકાએ દોઢેક વર્ષમાં શ્રેણીબદ્ધ પગલાં લીધા છે. જેને આગળ ધપાવતા બે દિવસ પહેલા જ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મવડી ચોકડી ખાતરે આશરે રૂા. ૨૨,૬૬,૧૦,૦૦૦/-ના ખર્ચે બનનારા ફલાઇ ઓવર બ્રીજ બનાવવાના પ્રોજેકટની ઇ-ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવા મંજૂરી આપી દીધા બાદ તા. ૨૯-૨-૨૦૧૬ના રોજ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રૈયા ચોકડી પરથી પસાર થનારા અને રૂા. ૨૫.૮૦ કરોડના ખર્ચે બનનારા ફલાઇ ઓવર બ્રીજ માટે પણ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાવી દીધી છે. આ પ્રોજેકટ માટેની ઇ-ટેન્ડર નોટીસ રાજકોટ મહાનગરપલિકાની વેબસાઇટ પર આજે લોન્ચ કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર શ્રી વિજય નેહરાએ આ પ્રોજેકટ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, મવડી ચોકડીની માફક જ રૈયા ચોકડી ખાતે ચારેય દિશામાંથી સતત વાહનોની અવર-જવર રહે છે અને તેને કારણે ત્યાં પણ અવાર નવાર ટ્રાફિક સંબંધી પ્રશ્નો ઉભા થતા રહે છે. ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવ-જા કરતા નાના-મોટા વાહનો રૈયા ચોકડી ખાતે ઓવર બ્રીજ પરથી વિના અવરોધ પસાર થઇ શકશે અને રૈયા રોડ પર આવા ગમન કરતા વાહનોને આ ભારે ટ્રાફિક કયાંય નડતરરૂપ નહી થાય.

રૈયા રોડ બ્રીજ વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ૫૨૬ મીટર લંબાઇ ધરાવતા આ ઓવર બ્રીજની શરૂઆત (ફલાય ઓવર સ્ટાર્ટીંગ પોઇન્ટ) ૧૫૦ ફૂટ રીંગ રોડ પર મોદી સ્કૂલ ખાતેથી થશે. જયારે રૈયા ચોકડી ક્રોસ કરીને આગળ જઇ આ બ્રીજ પૂર્ણ (ફલાય ઓવર એન્ડ પોઇન્ટ) થશે. આ પૂલ ટુ લેન સ્પ્લીટ ઓવર બ્રીજ ટાઇપનો બનશે. પ્રત્યેક લેનની પહોળાઇ ૮.૪૦ રનીંગ મીટર રહેશે. બ્રિજનું બાંધકામ શરૂ થયા બાદ આ કાર્ય પૂર્ણ કરવાની સમય મર્યાદા ૧૮ માસ મુકરર કરવામાં આવી છે. આ પ્રોજેકટ માટેની પ્રી-બીડ મીટીંગ તા. ૮-૩-૨૦૧૬ રહેશે. ઇ-ટેન્ડર ઓનલાઇન સબમીટ કરવા માટેની આખરી તારીખ ૨૧-૩-૨૦૧૬ રહેશે.

મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ વિશેષમાં કહયું હતું કે, રાજકોટ શહેરને ટ્રાફિકની સમસ્યામાંથી મુકત કરવા રાજકોટ મહાનગરપાલિકા પૂર્ણ પણે કટીબદ્ધ છે. જયાં જયાં જે કાંઇ પગલા લેવાના રહે છે તેનું ક્રમબદ્ધ આયોજન કરવામાં આવી રહયું છે. આ સીલસીલો આગામી સમયમાં પણ યથાવત ચાલુ જ રહેશે.

## રૈયા ચોકડી ખાતે આશરે રૂા. ૨૫.૮૦ કરોડના ખર્ચે ફલાઈ ઓવર બ્રીજ નિર્માણ પામશે

## રૈયા ચોકડી ખાતે બનનાર ફલાઈ ઓવર બ્રીજ પ્રોજેકટની વિગત

| | |
|---|---|
| કામનું નામ | - કન્સ્ટ્રકશન ઓફ ૨-લેન (૨ લેન) સ્પ્લીટ ફલાય ઓવર બ્રીજ ઓન ૧૫૦ ફૂટ રીંગ રોડ ક્રોસિંગ રૈયા ચોકડી |
| - કામની અંદાજીત રકમ | - રૂા. ૨૫.૮૦ કરોડ |
| - ફલાય ઓવર બ્રીજની લંબાઇ | - ૫૨૬ મીટર |
| - ફલાય ઓવર સ્ટાર્ટીંગ પોઇન્ટ | - મોદી સ્કૂલ, ૧૫૦ ફૂટ રીંગ પાસેથી શરૂ |
| - ફલાય ઓવર એન્ડ પોઇન્ટ | - રૈયા ચોક ક્રોસ કરી આગળ જઇ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પૂર્ણ |
| - ૨ લેન ફલાય ઓવર બ્રીજ | - પ્રત્યેક લેનની પહોળાઇ ૮.૪૦ રનીંગ મીટર |
| - ફલાય ઓવર બ્રીજનું બાંધકામ પૂર્ણ કરવાની સમય મર્યાદા | - ૧૮ (અઢાર) માસ |
| - ઇ-ટેન્ડર પ્રક્રિયા (ડાઉન લોડીંગ ઓફ ઇ-ટેન્ડર) | - શરૂ તા. ૧-૩-૨૦૧૬ |

# સ્વચ્છ રાજકોટ | રોડ ઉપર કચરો ફેંકનારને દંડ

## રાજકોટને ૩૧ ડિસેમ્બર સુધીમાં સ્વચ્છતામાં નં. ૧ બનાવવાનો એકશન પ્લાન જાહેર કરતા મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરા :



રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજકોટના દેશભરમાં સ્વચ્છતાની દ્રષ્ટિએ પ્રથમ સ્થાને લાવવા માટે ખાસ એકશન પ્લાન બનાવવામાં આવ્યો છે. જેની વિગતો આપતા મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ જણાવ્યુ હતું કે, કુલ ૫ તબકકાના આ એકશન પ્લાનમાં હવે શહેરમાં જે કોઇ વ્યકિત જાહેરમાં ગંદકી કે કચરો ફેલાવતા હશે તો તેને વ્યકિતગત રીતે પકડી અને દંડ ફટકારવા સહિતના વિવિધ આયોજનો આગામી ૩૧ ડીસેમ્બર સુધીમાં સાકાર કરવા પ્રયાસો થશે.

મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાએ વિસ્તૃત જણાવ્યુ હતું કે, સૌ પ્રથમ નાકરાવાડી ખાતે બંધ પડેલા કચરાના પ્રોસેસીંગ પ્લાન્ટને કાર્યાન્વીત કરવા યુદ્ધના ધોરણે પ્રયાસો શરૂ થઇ ગયા છે. જેના ભાગરૂપે ખાસ ‘વાવ’ (વેલ્થ આઉટ ઓર વેસ્ટ) સેલની રચના કરી દેવાઇ છે. આ માટે સપ્ટેમ્બર સુધીમાં નાકરાવાડી ખાતે કચરામાંથી બળતણ (ફ્યુલ) બનાવવાનો પ્લાન્ટ કાર્યરત થાય તે માટે ટેન્કરો પણ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થઇ જશે. તેવી જ રીતે કચરામાંથી ખાત બનાવવાનો હંજર બાયોટેકનો પ્લાન્ટ જે બંધ હાલતમાં છે તે ફરી શરૂ કરવા પણ પ્રયાસો થઇ રહ્યા છે. આમ કચરાના વેસ્ટ પ્રોસેસીંગના કારણે રાજકોટને સ્વચ્છતાની દ્રષ્ટિએ ૧૨૫ જેટલા માર્કસ મળી જશે.

ત્યાર બાદ સ્વચ્છતા બાબતે જનજાગૃતિ લાવવા જોરશોરથી પ્રચાર-પ્રસાર પણ શરૂ કરી દેવાશે. આ માટે ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન સેલની પણ રચના થઇ ગઇ છે.

જયારે રાજકોટને ૧૫ ઓગષ્ટ સુધીમાં દેશભરમાં સૌ પ્રથમ શૌચક્રિયામાંથી મુકત કરાવવા માટે પણ અત્યારથી જ કામગીરી શરૂ થઇ ગઇ છે. જેમાં હજુ ૮૦ જેટલા સ્થળો જેવા કે, વોંકળા, નદીકાંઠા, ઝુપડપટ્ટીઓમાં લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરે છે ત્યાં જાજરૂની વ્યવસ્થા કરાશે. આ માટે ૨૦ જેટલા મોબાઇલ ટોઇલેટ ખરીદાશે. તેમજ ૧૦૦ જેટલા પોર્ટેબલ ટોઇલેટ છે તે સમગ્ર શહેરમાં મુકી દેવાશે તથા વોર્ડવાઇઝ કોર્પોરેટરોની બેઠકો બોલાવી તેઓના વોર્ડમાં કોઇપણ જાહેરમાં શૌચક્રિયા કરે નહી તે માટેની વ્યવસ્થા કરાવવા માર્ગદર્શન અપાશે. આ માટે ખાસ દરેક વોર્ડને ૫૦ લાખની વધારાની ગ્રાન્ટ પણ અપાશે.

જયારે સ્માર્ટ સોસાયટીઓને ઘરે ઘરે ભીનો અને સૂકો કચરો અલગ અલગ રીતે ભેગો કરવા માટે બે બે કચરા પેટીઓ કોર્પોરેશન દ્વારા મફત અપાશે. તેમજ અત્યાર સુધી જાહેરમાં ગંદકી સબબ માત્ર વેપારીઓની જ દંડ ફટકારવામાં આવતો તેના બદલે હવે જે કોઇ નાગરીક જાહેરમાં કચરો ફેંકતા ઝડપાશે તેને વ્યકિતથત રીતે દંડ ફટકારવા ઝુંબેશ ચલાવશે. જેના માટે કોર્પોરેશન દ્વારા વિદ્યાર્થીઓ, એનસીસી કેડેટ વગેરેની ‘સ્વચ્છતા દૂત’ તરીકે નિમણૂક કરી તેની ચેકીંગ સ્કવોડ બનાવાશે અને આ ચેકીંગ સ્કવોડ જાહેર રસ્તા ઉપર જાહેર સ્થળોએ ચેકીંગ કરી સૌ પ્રથમ નાગરીકોને જાહેરમાં કચરો નહી ફેંકવા સમજાવશે. ત્યારબાદ દંડ ફટકારવાની કાર્યવાહી હાથ ધરશે.

સ્વચ્છતાની ગુણવત્તા બાબતે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૦ માર્ક આપવામાં આવે છે. જેમાં હાલમાં દેશમાં સ્વચ્છતાની દ્રષ્ટિએ નંબર ૧ બનેલા મૈસુરને ૧૭૪૯ માર્ક મળ્યા છે અને ૭માં ક્રમે આવેલ રાજકોટને ૧૫૭૫ માર્ક મળ્યા છે. આમ હવે નંબર ૧ બનવા માટે રાજકોટને ૧૭૫ માર્કસ જેટલુ જ છેટુ છે તેથી ૩૧ ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં રાજકોટ ઉપરોકત એકશન પ્લાન્ને અમલી બનાવી નંબર ૧ બનશે જ, તેવો વિશ્વાસ શ્રી વિજય નેહરાએ વ્યકત કર્યો છે.

**કચરો ફેંકશે તો દંડાશો, રૂા. ૫૦થી ૧૦ હજારનો દંડ વસુલાશે : કમિશનર શ્રી વિજય નેહરા.**

રાજકોટ શહેરને તાજેતરમાં સ્વચ્છતામાં દેશમાં સાતમો ક્રમ મળ્યા બાદ હવે તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં રાજકોટને દેશનું સ્વચ્છ શહેર નંબર ૧ બનાવવા માટે મ્યુની. કમિશનર શ્રી વિજય નેહરાના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાનું સમગ્ર તંત્ર કામે લાગી ગયું છે. સૌપ્રથમ તા. ૧૫ ઓગસ્ટ સુધીમાં રાજકોટને દેશનું સૌપ્રથમ જાહેર શૌચક્રિયા મુકત શહેર જાહેર કરવામાં આવશે તે માટેની તમામ કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. દરમિયાન આજે સ્વચ્છતા અંગેની એકશન પ્લાન જાહેર કરતાં મ્યુનિસિપલ કમિશનરશ્રી વિજય નેહરાએ જણાવ્યું હતું કે, કચરો ફેંકનાર કોઈપણ હશે, કચરો ફેંકશો તો દંડાશો અને પ્રવર્તમાન નિયમો અનુસાર કચરો ફેંકનાર પાસેથી રૂા. ૫૦ થી ૧૦ હજાર સુધીનો દંડ વસુલાતમાં આવશે અને આ કામગીરીમાં કોઈપણ પ્રકારની શેહ શરમ કે ભલામણ રાખવામાં આવશે નહી.

તેમણે જણાવ્યું હતું કે, તાજેતરમાં દેશમાં સ્છચ્છ શહેર નંબર-૧ તરીકે મૈસુર આવ્યું છે અને મૈસુરને ૨૦૦૦ માર્કસની પરીક્ષામાંથી ૧૭૪૯ માર્કસ મળ્યા છે. ત્યારે રાજકોટને ૧૫૭૪ માર્કસ મળ્યા છે. આમ, રાજકોટ મૈસુર કરતાં ફકત ૧૭૫ માર્કસ પાછળ છે. તેમણે ઉમેયુ હતું કે સ્વાભાવિક રીતે જ મૈસુર પણ આગામી વર્ષે ફરી સ્વચ્છ શહેર નંબર-૧ બનવા માટે મહેનત કરશે. ત્યારે રાજકોટ પણ દેશનું સ્વચ્છ શહેર નંબર-૧ બનવા માટે મહેનત શરૂ કરી છે પરંતુ તેણે મૈસુર કરતા બમણી મહેનત કરવી પડે તો જ નંબર-૧ના સ્થાન પર પહોંચી શકશો. મૈસુર અગાઉથી જ આગળ છે અને હજુ પણ વધુ મહેનત કરી રહ્યું છે આથી રાજકોટ મહાનગરપાલિકા તંત્ર પણ રાજકોટને દેશનું સ્વચ્છ શહેર નંબર - ૧ બનાવવા માટે પોતાની પુરી તાકાત કામે લગાડશે. તેણે ઉમેર્યુ હતું કે, રાજકોટને સાતમો ક્રમ મળ્યો છે તે ડિસેમ્બર-૨૦૧૫ સુધીની કામગીરીને અનુલક્ષીને મળ્યો છે ત્યારે છેલ્લા બે મહિનામાં એટલે કે જાન્યુઆરી અને ફેબ્રુઆરી-૨૦૧૬માં પણ ઘણી સુંદર કામગીરી થઇ છે પરંતુ તેની નોંધ આગામી એવોર્ડ વેળાએ લેવામાં આવશે.

**રેસકોર્ષ સહિતના મેદાનો મેળવનારે મોબાઇલ ટોયલેટ ભાડે લેવા ફરજિયાત :**

રાજકોટ મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ રાજકોટને આગામી તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં દેશનું સૌથી સ્વચ્છ શહેર બનાવવા માટે પૂરજોશમાં ઝુંબેશ હાથ ધરી છે તે અંતર્ગત તાજેતરમાં એવો હુકમ કર્યો કે રેસકોર્ષ સહિતના મેદાનો મહાનગરપાલિકા પાસેથી ભાડે મેળવવામાં આવે ત્યારે મોબાઇલ ટોયલેટ ફરજિયાતપણે ભાડે આપવાના રહેશે. મહોત્સવમાં અનેક માણસો એકત્રિત થતાં હોય છે અને મોટાભાગના મહોત્સવમાં લઘુશંકા કે જાજરૂ જવા માટેની કોઇ વ્યવસ્થા લાખવામાં આવતી હોતી નથી જેથી મહોત્સવ દરમિયાન તેમજ મહોત્સવ બાદ પણ ગ્રાઉન્ડમાં ગંદકી ન થાય તે માટે કમિશનરે હુકમ કર્યો છે કે મેદાનો ભાડે મેળવનારને મોબાઇલ ટોયલેટ ફરજિયાત પણ આપવાનું રહેશે.

વિશેષમાં તેમણે જણાવ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ તેમજ રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના જુદા જુદા ખુલ્લા પ્લોટો ભાડેથી આપવામાં આવે છે ત્યારે આ સથળોએ નાગરિકો મોટી સંખ્યામાં એકત્રીત થતા ઓય આ નાગરિકો દ્વારા જાહેર શૌચક્રિયા ન થાય તે માટે રેસકોર્ષ ગ્રાઉન્ડ તેમજ રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટો ભાડે આપવામાં આવે ત્યારે આ સ્થળોએ નાગરિકો મોટી સંખ્યામાં એકત્રીત થતા હોય આ નાગરિકો દ્વારા જાહેરમાં શૌચક્રિયા ન થાય તે માટે રેસકોર્ષ ગ્રાઉન્ડ તેમજ રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટો ભાડે આપવામાં આવે ત્યારે ભાડેથી રાખનાર પાર્ટીએ ખુલ્લા પ્લોટોની મંજૂરીની સાથોસાથ આયોજનમાં હાજર રહેનાર નાગરિકોની સંખ્યાના પ્રમાણેની જરૂરીયાત મુજબના મોબાઇલ ટોયલેટ પણ ભાડે રાખવાનું ફરજીયાત કરવાનું જરૂરી જણાય છે તેથી રેસકોર્ષ ગ્રાઉન્ડ તેમજ રાજકોટ મહાપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટો ભાડે આપવાની સાથે સંબંધી પાર્ટી દ્વારા એકત્રીત થનાર નાગરિકોની સંખ્યાની જરૂરીયાત મુજબના મોબાઇલ ટોયલેટ પણ ભાડે રાખવાનું ફરજીયાત કરવામાં આવે છે. જયારે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના મોબાઇલ ટોયલેટ ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાનું પ્રમાણપત્ર મેળવીને રજૂ કર્યા બાદ જ જે તે જગ્યા-પ્લોટનો ઉપયોગ કરવાનું પણ નકકી કરવામાં આવેલ છે.

હાલમાં મોબાઇલ ટોયલેટ ભાડે આપવાના નિયમો અનુસાર ડિપોઝીટ રૂા. ૧૦૦૦, રૂા. ૫૦૦નો ટ્રાન્સપોર્ટેશન ચાર્જ તેમજ પ્રતિ દિવસનું રૂા. ૧૦૦૦નું ભાડું વસુલવામાં આવે છે. આ મુજબ હવે મહાપાલિકાના મેદાનો ભાડે રાખનારે પ્રતિ દિવસ દીઠ રૂા. ૧૦૦૦નું મોબાઇલ ટોયલેટનું ભાડું ચુકવવાનું રહેશે.

## હાઈલાઈટ્સ

- ‘સ્વચ્છતા દૂત’અને રાજકોટ મનપાની ટીમ દ્વારા ચેકિંગ થશે
- સપ્ટેમ્બર સુધીમાં નાકરાવાડી ખાતે કચરામાંથી બળતણ (ફ્યુલ) બનાવવાનો પ્લાન્ટ કાયરત થશે
- ખાસ ‘વાવ’ સેલની રચના તથા પ્રચાર - પ્રસાર માટે પણ ખાસ સેલ
- ૧૫ ઓગષ્ટ સુધીમાં રાજકોટને જાહેર શૌચ ક્રિયામાંથી મુકત કરવા જોરશોરથી અભિયાન



# રાજકોટને જાહેર શૌચ ક્રિયામાંથી મુકત શહેર બનાવવા વોર્ડ વાઈઝ એકશન પ્લાન બનશે

કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી મિશન અને ગુજરાત સરકારશ્રીના મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને જાહેર શૌચ ક્રિયામાંથી મુકત કરવા માટે ચલાવવામાં આવી રહેલા અભિયાન અનુસંધાને મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાની સૂચના અને માર્ગદર્શન મુજબ તમામ વોર્ડ માટે એકશન પ્લાન તૈયાર કરવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે. આ માટે નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસના અદયક્ષ સ્થાને સિનિયર અધિકારીઓ અને તમામ વોર્ડ ઓફિસરોની એક બેઠક યોજવામાં આવી હતી.

એકશન પ્લાન બાબતે નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસે આ બેઠકમાં એમ કહ્યું હતું કે, આગામી ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૬ સુધીમાં શહેરના તમામ વોર્ડને જાહેર શૌચ ક્રિયામાંથી મુકત કરવાના થાય છે. આ કાર્ય સમયબદ્ધ રીતે પૂર્ણ થાય એ માટે દરેક વોર્ડ માટે એક એકશન પ્લાન બનાવવાનો થશે. આ એકશન પ્લાન હાર્ડવેર પાર્ટ અને સોફટવેર પાર્ટ એમ બે હિસ્સામાં તૈયાર થશે.

હાર્ડવેર પાર્ટમાં પ્રત્યેક વોર્ડના જાહેર શૌચક્રિયાની સુવિધા ના હોય તેઓને મહાનગરપાલિકા દ્વારા વિવિધ પાંચ પ્રકારના ટોઇલેટ પૈકી જે યોગ્ય હશે તે ટોઇલેટની સુવિધા આપવામાં આવશે.

જયારે સોફટવેર પાર્ટમાં જાહેર શૌચ ક્રિયાની ટેવ કે મજબુરીમાંથી લોકોને મુકત કરવા પ્રશિક્ષિત કરવામાં આવશે. લોકોને ટોઇલેટનો જ ઉપયોગ કરવા સમજાવવા માટે મહાનગરપાલિકા શાળા કોલેજોના છાત્રો અને જાહેર સ્વૈચ્છિક સામાજિક સેવા સંસ્થાઓના કાર્યકરોની મદદ લેવામાં આવશે.

દરમ્યાન, 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ આઇ.ઇ.સી. સેલ અને આઇ.ઇ.સી. ટાસ્ક ફોર્સની રચના કરેલ છે. જે રાજકોટ શહેરને જાહેર શૌચ ક્રિયામાંથી મુકત કરવા માટે ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં સહાયતા પ્રદાન કરશે. રાજકોટ શહેરે સમગ્ર દેશમાં 'સ્વચ્છ શહેર' તરીકે ૭મો ક્રમ મેળવેલ છે. આ વર્ષે રાજકોટ શહેર સમગ્ર દેશમાં સ્વચ્છ શહેર તરીકે પ્રથમ ક્રમ મેળવે તે માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા કટ્ટીબધ્ધ છે.

મહાનગરપાલિકાના નિર્ધારીત લક્ષ્યાંક હાંસલ કરવામાં લોકજાગૃતિ અને લોક પ્રશિક્ષણ સંબંધિત કામગીરી ખુબ જ જરૂરી બની રહે છે.

માત્ર રાજકોટ મહાનગરપાલિકા ની કામગીરી જ નહી પરંતુ શહેરના નગરજનો દ્વારા થઇ રહેલા કાર્યોનો પણ પ્રચાર-પ્રસાર થઇ શકે તે માટે ઇન્ફોરમેશન, એજયુકેશન, કોમ્યુનિકેશન (આઇ.ઇ.સી.) તથા બિહેવિયરલ ચેઇન્જ કોમ્યુનિકેશન (બી.સી.સી.) એકટીવીટી કરવી જરૂરી છે. સોશ્યલ મીડીયા, અન્ય મીડીયા તેમજ માસ કોમ્યુનિકેશનને લગત તેમામ કામગીરી ઉપર વિશેષ ધ્યાન આપી શકાય તે માટે 'આઇ.ઇ.સી. સેલ' અને 'આઇ.ઇ.સી. ટાસ્ક ફોર્સ' કાર્ય કરનાર છે.

વિશેષમાં, રાજકોટ મહાનગર--પાલિકાના વર્ષ : ૨૦૧૬-૧૭ ના બજેટમાં જાહેર શૌચ ક્રિયાથી મુકત વોર્ડને વિકાસ કામો માટે રૂા. ૫૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. આગામી ૧૫ મી ઓગષ્ટ સુધીમાં જાહેર શૌચ ક્રિયાથી મુકત જાહેર થનાર વોર્ડને આ નાણાકીય જોગવાઇનો વિશેષ લાભ પ્રાપ્ત થનાર છે. નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં પર્યાવરણ ઇજનેર શ્રી એન. આર. પરમાર, નાયબ પર્યાવરણ ઇજનેરો શ્રી પ્રજેશભાઇ સોલંકી અને શ્રી વલ્લભભાઇ જીંજાળા, આસી. મેનેજર શ્રી અમિત ચોલેરા, વોર્ડ ઓફિસરો વગેરે ઉપસ્થિત હતા.

## એકશન રિએકશન

## જાહેરમાં ગંદકી કરનારા અને જાહેર શૌચ ક્રિયા કરનારા લોકો પાસેથી વહીવટી ચાર્જ વસૂલ

કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી મિશન અને ગુજરાત સરકારશ્રીના મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને દેશનું સ્વચ્છ નં. ૧ બનાવવાના આશય સાથે લોકજાગૃતિ કેળવવા અને જાહેર શૌચ ક્રિયા કરનારા લોકોને ટોઇલેટની સુવિધા અપાવી જાહેર શૌચ ક્રિયા કરતા અટકાવવા માટે મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાની સુચના અને માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ દિશામાં સઘન પ્રયાસો શરૂ કરવામાં આવેલ છે. આ સિલસિલામાં જયાં જયાં જરૂર જણાઇ ત્યાં કસૂરવાર આસામી પાસેથી વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ આઇ.ઇ.સી. સેલ અને આઇ.ઇ.સી. ટાસ્ક ફોર્સની રચના કરેલ છે. જે રાજકોટ શહેરને સ્વચ્છ અને જાહેર શૌચ ક્રિયામાંથી મુકત બનાવવા માટે ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં સહાયતા પ્રદાન કરશે.

નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસના નિરીક્ષણ હેઠળ આઇ.ઇ.સી. સેલના ઇન્ચાર્જ તરીકે જવાબદારી સંભાળી રહેલા આસી. મેનેજર શ્રી અમિત ચોલેરા, નાયબ પર્યાવરણ ઇજનેર શ્રી વલ્લભભાઇ જીંજાળા અને વોર્ડ ઓફિસર શ્રી ધૈર્ય જોશી તથા તેમની ટીમ દ્વારા ચૌધરી હાઇસ્કૂલ પાસેના ઇવનિંગ પોસ્ટ ગાર્ડનના સદસ્ય એવા ૨૫ જેટલા સિનીયર સીટીઝનોની સહાયતાથી જયુબીલી ગાર્ડન અને કસ્તુરબા રોડ વિસ્તારોમાં દરેક દુકાનદાર અને જાહેર જનતાને જાહેરમાં કચરો નહી ફેંકવા સમજાવવામાં આવે છે. આ સિનીયર સીટીઝનોએ 'સ્વચ્છતા દૂત' તરીકે સેવા આપવા સહમતી આપતા મહાનગરપાલિકાએ તેઓ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી. આ આખી ટીમ ઉપરોકત વિસ્તારોમાં રૂબરૂ ફરી હતી અને લોકોને એ પણ સમજાવવામાં આવ્યું હતું કે તંત્ર સમજાવવા કસૂર થતો જોવા મળશે ત્યાં તંત્ર દ્વારા વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવશે.

દરમ્યાન, નાયબ પર્યાવરણ ઇજનેર શ્રી વલ્લભભાઇ જીંજાળા, વોર્ડ એન્જી શ્રી પટેલીયા, ડેપ્યુટી એમ.ઓ.એચ. શ્રી ડો. વિશાણી, એસ.આઇ. અને એસ.એસ.આઇ. સહિતની ટીમ દ્વારા આજે વિવિધ વિસ્તારોમાં જાહેરમાં ગંદકી કરનારા અને જાહેરમાં શૌચ ક્રિયા કરનારા લોકો પાસેથી વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

વોર્ડ નં. ૩માં રેલનગર પાસે આવેલ સંતોષી નગરમાં રેલ્વેના પાટા પાસે જાહેરમાં શૌચ ક્રિયા કરતા ૩ (ત્રણ) જણા પાસેથી પચાસ - પચાસ રૂપિયાનો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો.

## ઝુપડપટ્ટીમાં પોર્ટેબલ ટોઈલેટ મૂકી જાહેર શૌચ ક્રિયા અટકાવવાના મનપાના પ્રયાસોની 'ટવીટર' પર પ્રશંસા

ભારત સરકાર દ્વારા તા. ૨-ઓકટોબર, ૨૦૧૪ ના રોજ લોન્ચ કરાયેલા 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત તાજેતરમાં જ દેશના શહેરોની સ્વચ્છતાની પરિસ્થિતિ અંગે 'સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૬' હાથ ધરાયું હતું. જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવાયેલા શ્રેણેબધ્ધ પગલાંઓના પરિણામે રાજકોટ શહેરને ૭મો ક્રમાંક પ્રાપ્ત થયો હતો. રાજકોટ મહાનગરપાલિકાએ લીધેલા વિવિધ પગલાં, ખાસ કરીને જાહેર શૌચ ક્રિયાના







દૂષણમાંથી રાજકોટને મુકત કરવા માટે જે કાર્યવાહી હાથ ધરાઈ હતી તે આ રાષ્ટ્રીય સ્વચ્છતા રેન્કિંગમાં મહત્વની પુરવાર થઇ હતી. તાજેતરમાં જ મ્યુનિ. કમિશનર શ્રી વિજય નહેરા માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસના સીધા નિરીક્ષણ હેઠળ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પૂર્વ ઝોનમાં આવેલા ઇન્દ્રપ્રસ્થ નગર પાસેથી ઝુપડપટ્ટી વિતિરમાં ખુલ્લામાં થતી શૌચ ક્રિયા અટકાવવા માટે કુલ પાંચ પોર્ટેબલ ટોઇલેટ મુકવામાં આવ્યા છે અને પુરતા પ્રમાણમાં પાણીની વ્યવસ્થા પણ કરી આપવામાં આવી છે. આ અહેવાલો મીડિયામાં પ્રસિધ્ધ થવા ઉપરાંત 'ટિવટર' જેવા સોશિયલ મીડિયા પર પણ તેને લોકોની ભરપુર પ્રશંસા મળી છે.

સ્વચ્છભારત ટિવટર હેન્ડલ પર આ સચિત્ર 'ટિવટર' ને ૫૯ લોકોએ ટિવટર કરી તેનો પ્રચાર કર્યો હતો જયારે તેને ૫૦ લાઇકસ પણ પ્રાપ્ત થયા હતા. કોઇએ આ કામગીરીને સેલ્યુટેબલ ગણાવી હતી તો વળી કોઇએ એવું કહ્યું હતું કે, દેશમાં જયાં કયાય પણ જાહેર શૌચ ક્રિયા અટકાવવાની જરૂર હોય તેવા વિસ્તારોમાં આ ટોઇલેટ સ્થાપિત કરવાની કામગીરી મોટા પાયે હાથ ધરવી જોઇએ. એક વ્યકિતએ એમ કહ્યું હતું કે, દેશના અન્ય રાજયોએ પણ આ પ્રકારની કામગીરીને અનુસરવી જોઇએ. અન્ય એક ટિવટર યુઝરે એવું સૂચન કર્યું કે, કોર્પોરેટ ક્ષેત્રએ પણ સી.એસ.આર. (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) ને અનુસરી આ પોર્ટેબલ ટોઇલેટનું મેઇન્ટેનન્સ સંભાળી સમાજ પ્રત્યેની પોતાની નૈતિક જવાબદારી નિભાવવી જોઇએ.

'સ્વચ્છ ભારત મિશન'ને સોશિયલ મીડિયા ઉપર પણ જે રીતે લોકોનો પ્રતિભાવ અને પ્રતિસાદ સાંપડી રહયો છે તે અત્યંત ઉત્સાહપ્રેરક હોવાનું માની રહેલા મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરાએ કહ્યું હતું કે, સ્વચ્છતાની બાબતમાં લોકોના વિચાર અને વ્યવહારમાં આવી રહેલા આ રચનાત્મક પરિવર્તન છે. આ બદલાવ થકી લોકો પોતાના ગામ, શહેર કે મહોલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવી રાખવામાં પોતાનું યોગદાન આપતા થશે.

ઇન્દ્રપ્રસ્થનગર પાસેની ઝુપડપટ્ટી વિસ્તારમાં હાલમાં પ્રાયોગિક ધોરણે આવા ટોઇલેટ મુકવામાં આવેલ છે. જેને હકારાત્મક પ્રતિસાદ સાંપડયો છે. આ વિસ્તારમાં આશરે ૨૫૦ થી ૩૦૦ ઝુપડામાં ૨૦૦૦ જેટલા લોકો રહે છે. આ લોકોની સુવિધા માટે હજુ વધુ પાંચ પોર્ટેબલ ટોઇલેટ મુકાશે.

દરમ્યાન નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસે એમ કહ્યું હતું કે, આ ઝુપડપટ્ટીમાં ટોઇલેટની સુવિધા અત્યાર સુધી ન હોતી એટલે લોકો જાહેર શૌચ ક્રિયા મજબુર બનતા હતા, પરંતુ હવે પોર્ટેબલ ટોઇલેટની વ્યવસ્થા કરી આપવામાં આવતા લોકો જાહેર શૌચ ક્રિયા બંધ કરી આ ટોઇલેટનો ઉપયોગ કરતા થયા છે.